રાજય સરકાર ધ્વારા શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળના કુલપતિ શ્રી પંકજ જાનીની મુદત જુનની ૮મી તારીખે પૂર્ણ થઇ રહેલ હોવાથી સર્ચ કમિટિની રચના કરવામાં આવેલ હતી. સર્ચ કમિટિની ભલામણોને ધ્યાને લઇ રાજય સરકાર ધ્વારા ડો. વેમપટ્ટી કુટુમ્બ શાસ્ત્રીની નિમણૂક કરવા નિર્ણય કરેલ છે.

ડો. કુટુમ્બ શાસ્ત્રી આ પહેલાં ૨૦૦૮ થી ૨૦૧૧ સુધી સમ્પુર્ણાનન્દ સંસ્કૃત યુનિવર્સિટી, વારાણસીના કુલપતિ હતા અને તે પહેલાં ૨૦૦૩ થી ૨૦૦૮ સુધી રાષ્ટ્રીય સંસ્કૃત સંસ્થાન, દિલ્હીના પ્રથમ કુલપતિ હતા. તેઓ ૬૨ વર્ષથી વયના છે.

ડો. શાસ્ત્રી, વિધા વારીધિની પી.એચ.ડી.ની પદવી ધરાવે છે ઉપરાંત, પી.જી. ડીપ્લોમા ઇન યોગાની પદવી પણ ધરાવે છે. ડો. શાસ્ત્રી ધ્વારા શ્રી નરસિમ્હા સંસ્કૃત કોલેજ, આંધ્રપ્રદેશ, રાષ્ટ્રીય સંસ્કૃત સંસ્થાન, નવી દિલ્હી, ધ ડીપાર્ટમેન્ટ ઓફ સંસ્કૃત, પોન્ડીચેરી સેન્ટ્રલ યુનિવર્સિટી માં લેકચરર, રીડર તથા ડાયરેકટર તરીકે સેવાઓ આપેલ છે.

ડો. શાસ્ત્રીનું સ્પેશ્યલાઇઝેશન અદ્વેત - વેદાંત, દર્શન, પોએટીકસ, સંસ્કૃત લીટરેચર અને સ્પોકન સંસ્કૃત છે. ડો. શાસ્ત્રીએ ૧૫ મી વર્લ્ડ સંસ્કૃત કોન્ફરન્સ, વિજ્ઞાનભવન, નવી દિલ્હી, ૨૦૧૨ ના પ્રમુખ તરીકે કામગીરી બજાવેલ છે. જયારે ૧૬ મી અને ૧૭ મી વર્લ્ડ સંસ્કૃત કોન્ફરન્સ કે જે આગામી વર્ષ ૨૦૧૫ અને ૨૦૧૮ માં અનુક્રમે થાઇલેન્ડ અને કેનેડા ખાતે યોજાનાર છે તેના પ્રમુખ તરીકે પસંદગી થયેલ છે.

આમ, રાજય સરકાર ધ્વારા શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીના કુલપતિ તરીકે સંસ્કૃત સાહિત્ય ક્ષેત્રે વિશાળ અનુભવ ધરાવતા અને રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય કક્ષાએ સંસ્કૃત ભાષાના ફેલાવાને વેગ મળે તે હેતુથી ડો. શાસ્ત્રીની નિયુકતી કરેલ છે.

----------